# Day to Day Current Affairs

**2. ઓક્ટોબર ૨૦૧૫**

## ૧. વિશ્વ અહિંસા દિવસ :

- દ્વારા વર્ષ 2007થી ગાંધીજીના જન્મદિન નિમિતે વિશ્વ અહિંસા દિવસ મનાવાય છે.

- આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની 146મી જન્મજયંતિ છે. તેમનો જન્મ 2 ઓક્ટોબર 1869ના રોજ પોરબંદર ખાતે થયો હતો.

- તેમજ આજ ભુતપૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીની પણ 111મી જન્મજયંતિ છે. તેમનો જન્મ 2 ઓક્ટોબર 1904ના રોજ વારાણસી ખાતે થયો હતો.

## ૨. દેશમાં હવે ફક્ત એક જ ઇમરજન્સી નંબર -112 :

- ભારત સરકારના દુરસંચાર વિભાગે ભારતમાં હવે ફક્ત એક જ ઇમરજન્સી નંબર '112' રહેશે એવી જાહેરાત કરી છે.

- પહેલાના 100, 10, 102 અને 108 જેવા તમામ ઇમરજન્સી નંબર સેકન્ડરી ઇમરજન્સી નંબર તરીકે આવતા 1 વર્ષ સુધી કાર્યરત રહેશે ત્યારબાદ બંધ કરી દેવામાં આવશે.

## 3. વન્યજીવ સંરક્ષણ સપ્તાહ :

- ગુજરાતમાં સરકાર દ્વારા તા.2 થી 8 ઓક્ટોબર વન્યજીવ સંરક્ષણ સપ્તાહ ઉજવવામાં આવશે.

- સ્લોગન : "વન્યજીવ અને વન છે, ધરતીનું ધન કરીએ તેનું દિલથી જતન."

## ૪. ગુજરાતના લીલબેનને આદર્શ માતા તરીકેનો રષ્ટ્રપતિ એવોર્ડ :

- ગુજરાતના વિરમગામના વતની લીલાબેન છબીલદાસ ગુર્જરને નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના હસ્તે આદર્શ માતા એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા.

- તેમને આ એવોર્ડ અનેક મુશ્કેલીઓ વચ્ચે તેમના બાળકોનો સારી રીતે ઉછેર કરવા બદલ એનાયત થયો હતો.

- તેમના ઉપરાંત અન્ય10 લોકોને 'નેશનલ એવોર્ડ્ઝ ફોર સિનિયર સિટિઝન – ૨૦૧૫' થી સન્માનીત કરાયા હતા.

- આ લોકોએ દેશના સિનિયર સિટિઝન તરીકે કલ્યાણકારી કામો કર્યા બદલ તેમને આ એવોર્ડ આપીને સન્માનીત કરવામાં આવ્યા છે.

Vivekanand Academy, Gandhinagar